# ❀ કૃષ્ણમ વંદે જગતગુરુ ❀

જગતના ગુરુ એવા કૃષ્ણને વંદન. ત્યારે આપણને એમ થાય કે 'જગતગુરુ' બિરુદ આપતા પહેલા કે એવું કહેતા પહેલા તેનો અર્થ બરાબર જાણવો જરૂરી છે. ગુરુ એટલે જ્ઞાન આપનાર કે જાણકાર વ્યક્તિ. માત્ર જ્ઞાન આપનાર જ ગુરુ ન બની શકે. તેના વિચાર, વર્તન કે વ્યવહાર દરેકમાં પોતે આચરણ કરી બતાવતો હોય તે ગુરુ.ઘણા બધા પ્રકારના હોય. હવે જન્મ આપનાર પાલનપોષણ કરનાર મા બાપ મનુષ્યના પ્રથમ ગુરુ છે. વિદ્યા આપનાર શિક્ષક પણ ગુરુ. નોકરી ધંધો કે વ્યવસાય શીખવનાર પણ ગુરુ. પોતે મોટા હોય પણ બીજાને પણ નાનો ન માને, અહીતો આખા જગતના ગુરુનું લેબલ, જેને આપીએ તે સામાન્ય જ્ઞાન આપના ન જ હોય. સામાન્ય જાણકારી કે જ્ઞાન આપનારને એવું બિરુદ ન અપાય. પણ સમગ્ર વિશ્વને, માનવ જાતને રાહ બતાવનારને કે સતજ્ઞાન (આત્મજ્ઞાન) આપનારને જ એવું બિરુદ આપી શકાય.

આત્મીય મિત્રો ત્યારે આપણને એમ થાય કે શ્રી કૃષ્ણમાં એવું તો કયું જ્ઞાન હતું કે તેમને જગતના ગુરુ કહેવાયા? પ્રથમ તો શ્રીકૃષ્ણ સાદિપની ઋષિના આશ્રમમાં માત્ર ને માત્ર **64** દિવસના ટૂંકા સમયમાં ચાર વેદ, **108** ઉપનિષદ, **14** વિદ્યા, **64** કળાનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. પહેલાના શિક્ષકો /ઋષિઓ વિદ્યાગુરુની પાસે આત્મજ્ઞાન આપનાર ગુરુ બંને જવાબદારી નિભાવતા. કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને કૃષ્ણએ ગીતા જ્ઞાન આપ્યું. આ ગીતાજ્ઞાન માત્ર અર્જુનને માટે જ ન હતું પણ હાલમાં પણ અર્જુન જેવી મૂંઝવણ ભરી સ્થિતિમાં કે દ્વિધા વાળી સ્થિતિમાં મુકાયેલા આજના આધુનિક અર્જુનને માટે ગીતાજ્ઞાન છે. વિશ્વના સમગ્ર માનવી માટે ગીતાનું જ્ઞાન છે શ્રીકૃષ્ણમુખે નીકળેલી ગીતામાં ક્યાંય એવું નથી જોવા મળે કે ઓ.... હિન્દુ ...તુ... આમ કર... કે તું તેમ કર... કોઈ ધર્મ કે જાતીને ઉદ્દેશીને જ્ઞાનની વાત કરી નથી પણ માનવને ઉદ્દેશીને જ વાત કરી છે. જે વખતે વાત કરી ત્યારે આટલા બધા કહેવાતા ધર્મો પણ હતા નહિ. કૃષ્ણના જ્ઞાનમાં ક્યાંય સંપ્રદાયનો છાંટો માત્ર નથી કે કોઈ ધર્મની વાડાબંધી નથી.માત્ર નિર્મળ આત્મજ્ઞાન અને તે પણ માનવ ધર્મને ધ્યાનમાં રાખીને કહ્યું છે. અર્જુનને નિમિત બનાવીને,શ્રીકૃષ્ણએ સમગ્ર જગતને સતજ્ઞાન /આત્મજ્ઞાન આપ્યું છે.

આજે પણ વિશ્વના દરેક વ્યક્તિ , તે પછી નાના માણસ હોય કે મોટા માંધાતા હોય તેના જીવનમાં પણ અર્જુન જેવી દ્વિધા ઊભી થાય છે. આ કામ પૂરું કરું કે પેલું કામ કરું ? એક જ સમયની આ દ્વિધા કે પ્રશ્નો ઉભો થાય છે. ત્યારે જેની પાસે ગીતાનું જ્ઞાન હશે તે અર્જુનની જેમ અનાસક્ત ભાવે મુજવણ માંથી સાંગોપાંગ બહાર નીકળી જશે. " નષ્ટો મોહ: સ્મૃતિર્લબ્ધા...." અને કહેશે હા મારો મોહ દૂર થયો.

જગતગુરુ નામને સાર્થક એવા કૃષ્ણની ગીતામાં વેદો, ઉપનિષદો, દર્શન શાસ્ત્રો, વેદાંત અને જગતના તમામ ગ્રંથોનો સમન્વય જ્ઞાનબોધનો ટૂંકસાર છે. તેથી ગીતાને વેદત્રયી કહે છે. માત્ર ટૂંકસાર નથી, પણ કૃષ્ણએ પોતાના જીવનમાં આચરણ કરેલો નિષ્કામ કર્મયોગ છે. શ્રીકૃષ્ણ મહાન યોગી પુરુષ હતા. તેમણે કર્મયોગ અને જ્ઞાનયોગને જીવનમાં પચાવ્યું હતું અને પછી તેનો ઉપદેશ આપ્યો છે. ગીતાનું જ્ઞાન સમગ્ર જગતને આપેલ શ્રીકૃષ્ણની અમૂલ્ય ભેટ છે. ગીતામાં યોગ, કર્મયોગ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, સંન્યાસ વગેરેનું સત્ય વિજ્ઞાન છે. કૃષ્ણએ ધીનચક - ધીનચક ભક્તિની વાત કોઈ ઠેકાણે કરી નથી. તેમનું જ્ઞાન, વૈરાગ્ય ,ભક્તિ, સન્યાસ બધું સંપૂર્ણ વૈજ્ઞાનિક અભિગમ ધરાવે છે. મલ્ટી પ્લસ થિયેટરોમાં જનારા યુવા - યુવતીઓને પણ આ વૈજ્ઞાનિક અભિગમથી ભક્તિની સમજ આપવામાં આવે તો તે યુવાનો તુરંત જ તેનો સ્વીકાર કરી લે. શ્રીકૃષ્ણએ કશું ત્યાગવાની કે છોડવાની વાત કરી નથી. આઠ પટરાણીઓ અને **16000** ઉપરાણીઓ વાળા શ્રીકૃષ્ણ ચીલાચાલુ વાત કરી જ નથી. કમ્પ્લીટ વિજ્ઞાન કહ્યું છે. માણસે કેટલું અને કેવું ખાવું? શું ખાવું ? શું ન ખાવું? ઊંઘવું જાગવું ,સુખ- દુઃખ, દાન, યજ્ઞ, ધર્મ, ઈશ્વર, આત્મા, મન, શરીર, નિવૃત્તિ, પ્રવૃત્તિ, જીવાત્મા, પરમાત્મા, જીવ- પ્રકૃતિ અને ઈશ્વર દરેક વિષય પર સંપૂર્ણ વૈજ્ઞાનિક ક્ષણાવટ કરી છે. તે જ્ઞાનના હજારો વર્ષ થઈ ગયા અને હજુ પણ લાખો વર્ષ પછી પણ તે જ્ઞાન તેટલું જ અત્યાધુનિક જ છે. સદા નિત્ય નવીન રહેશે તેટલી દીર્ઘદ્રષ્ટિ ગીતા જ્ઞાનમાં છે.

માનવજીવનની કોઈ સમસ્યાનો ઉકેલ ગીતામાં ન હોય એવું બન્યું નથી. માનવ મૂંઝાશે અને ગીતા ખોલશે તો તેને જવાબ મળશે. આવું નિસ્વાર્થ પરોપકારી કામ કરનાર જગતગુરુ બને તેમાં શું નવાઈ છે? ઈશ્વર ક્યાં છે? કેવા છે? સાકાર કે નિરાકાર કહેવાય ? ઈશ્વરને ભજવા કઈ રીતે મેળવવાનો પ્રયત્ન કરવો? કઈ રીતે આસન રાખી બેસવું? મનને કાબુમાં કઈ રીતે લાવવું ? ભક્ત કેવો હોય ? ભક્તિ કોને કહેવાય ? ભગવાન કેવા હોય ? બધા જ વિષયો તેમાં છે. એવું સર્વાંગી જ્ઞાન કોઈ એક જગ્યાએથી મળે તો તે ગીતા છે. શ્રીકૃષ્ણની છે. જગતના દરેક ધર્મ પુસ્તકમાં જ્ઞાન છે જ

તેની ના નથી પણ તે જ્ઞાન ગીતા જેટલું સ્પષ્ટ અને મળવું સરળ નથી. કેમકે તે માત્રને માત્ર માનવને ઉદ્દેશીને નહીં હોય. ખુલ્લું જગ જાહેર નહીં હોય. ક્યાંય વાડા સંપ્રદાય કે ધર્મમાં બંધાયેલું હશે. જ્યારે ગીતાજ્ઞાન સમગ્ર જગતને સમક્ષ ખુલ્લું છે. જેને તેના પર સંશોધન કરવું હોય તે કરી શકે.ગીતાના **18** અધ્યાયના **700** લોકોમાં જગતનું તમામ તત્વજ્ઞાન સમાયું છે. આવા તત્વજ્ઞાની મહાપુરુષને જગતગુરુ કહીને નવાજવા તે બરાબર છે. યોગ્ય છે.

મિત્રો શ્રીકૃષ્ણના પોતાના જીવનમાં કોઈ પણ ક્ષેત્રમાં ઉણપ રાખી નથી. એક શ્રેષ્ઠ પુત્ર, એક શ્રેષ્ઠ પતિ, શ્રેષ્ઠ પિતા, શ્રેષ્ઠ ગુરુ, શ્રેષ્ઠ ભાઈ,, શ્રેષ્ઠ પ્રેમી, શ્રેષ્ઠ યોદ્‌ધા, શ્રેષ્ઠ શિષ્ય, શ્રેષ્ઠ સેવક, શ્રેષ્ઠ મિત્ર, શ્રેષ્ઠ દુશ્મન પણ બન્યા છે. કોઈપણ સંબંધમાં ક્યાંય લેશ માત્ર દોષ નથી. દરેક સંબંધમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે. છતાં કોઈને નાનો માન્યો નથી. સુદામાની મૈત્રી પ્રસન્ન યાદ કરો. તત્કાલીન સમયના **85** ટકા લોકો તેમને ભગવાન કહીને બોલાવતા હતા. (ભગવાન એટલે કે ભગ + વાન. ભગ એટલે જેનામાં ઐશ્વર્ય, વીર્ય,યશ,શ્રી, જ્ઞાન,વૈરાગ્ય જેવા છ ગુણવાળા હોય) પોતે બચપણથી જ માંડી વૃદ્‌ધાવસ્થા સુધી પોતે કહેલા કર્મયોગ પ્રમાણે જીવન જીવ્યા હતા. માત્ર **15%**માં દુર્યોધન ,દુશાસન, જરાસંઘ અને કંસ જેવા લોકો તેમને ભગવાન તરીકે સ્વીકાર કરતા નહોતા, ભીષ્મ પિતામહ જેવા તેમના કરતા ત્રણ ગણી ઉંમરના વડીલ સજ્જન પણ તેમના શિષ્ય બની વંદન કરતા. મહાન ચક્રવર્તી રાજાઓ તેમના શાસન નીચે હતા. એમને નમસ્કાર કરતા. એવી તેમની પ્રતિભા હતી. શ્રીકૃષ્ણએ સર્વ કર્મફળત્યાગની વાત કરી. મહાન કર્મયોગને ટૂંકોને ટચ કહી દીધો. કર્મ કર પણ ફળનો ત્યાગ / ઈચ્છા ન કર. બધું ઈશ્વર અર્પણ કરીને કર્મ કરવાનું, જગત સમગ્ર માનવ જાતને કહ્યું છે. શરીરથી પર મન અને મનથી પર આત્મ તત્વ છે. તે આત્મ તત્વને જાણવું તે જ સાચું જાણવું છે.

શ્રીકૃષ્ણએ ટૂંકમાં ત્રણ વાત કહી દીધી. હે.. માનવી... તું આત્માને જાણ. ઈશ્વર અર્પણ કર્મ કર અને સર્વ કર્મ ફળનો ત્યાગ કર. બસ આ ત્રણ વસ્તુ યાદ રાખીશ તો તારો બેડો પાર છે, પછી ભલે તું તારા સંસાર સાગરમાં આનંદના હિંડોળા લીધા કર. જે અર્જુન સંસાર છોડીને બાવા બનવાની વાત કરતો હતો. ( ગીતા અધ્યાય, બીજો શ્લોક નંબર પાંચ) તેવા અર્જુનને સંસારમાં રહીને ભક્તિ કરવાની વાત સરળ ભાષામાં સમજાવી દીધી. ઉદાહરણ તરીકે કેડમાં દોરડું બાંધી, બીજો છેડો નદીના કાંઠાના વૃક્ષના થડમાં બાંધીને પછી નદીમાં ઝંપલાવવું... તરવા જવું... તરી...ન શકાય તો દોરડું પકડી કાંઠે આવી શકાય. આવું તત્વજ્ઞાન સરળ ભાષામાં સમજાવનાર શ્રીકૃષ્ણ.... એવા જગતગુરુ વિશે કહેવું હોય તો આપણી વાચા ટૂંકી પડે. તેમણે આપેલું જગતગુરુનું બિરુદ યોગ્ય છે. આવું જ્ઞાન જગતગુરુ વિના કોણ આપી શકે આ કળિયુગમાં આપણે જોઈએ છે કે આજનો ધર્મ તો સંપ્રદાયના વાડામાં સીમિત થઈ ગયો છે.

આજના કહેવાતા ધર્મગુરુઓ ધ.ધુ.ઓ અને પ.પુ.ઓ બાદશાહી ઠાઠમાં જીવે છે. સંયમ કે વૈરાગ્યનું તેમને જોજનોનું છેટુ છે અને પાછા લોકોને સંયમ અને વૈરા ગ્યના ઉપદેશો આપે છે. સંસારથી મુક્ત થઈને, ઘર - સંસાર છોડી સંન્યાસ લીધો અને સંન્યાસ લઈ, મઠ કે આશ્રમ બનાવી તેમજ નવો સંસાર ઊભો કરનારા ધં.ધુઓ અને પ.પુ.ઓનો છેટેથી સલામ. ત્યારે તમને કોઈ ગુરુમાં વિશ્વાસ ન બેસે કે જ્યાં સુધી તમને એવા યોગ્ય આત્મજ્ઞાની ગુરુ ન મળે ત્યાં સુધી કૃષ્ણને જ પોતાના ગુરુ માની.... ગુરુ કરવાના ન હોય તેમના વચનો પર ચાલશો. તો પણ બેડો પાર છે. જગતગુરુ શ્રીકૃષ્ણને મારા શતશ પ્રણામ.

આજા માનવના જય ભગવાન જય પરમાત્મા.
(વૈશ્વિક જીવન દર્શની તા=28/7/2005)
" અંતરની એરણ થી "